કોઇ એક બિન - ધર્માદા હાઉસીંગ અસોસિએશન તરીકે MHO ની સ્થાપના 1981 માં કરવામાં આવી હતી જેથી કરીને ઓછી કિંમતવાળી હોમ ઓનરશીપ (ઘર- રહેઠાણની માલિકી) પૂરી પાડી શકાય, અને ત્યારના સમયથી તેને 26,000 કરતાં પણ વધારે લોકોને તેઓના પોતાના રહેઠાણ માટે મદદ કરી છે. 2003 માં અમે મેટ્રોપોલિટન હાઉસીંગ ટ્રસ્ટના (Metropolitan Housing Trust) ભાગીદાર બન્યા (કે જે મેટ્રોપોલિટન હાઉસીંગ પાર્ટનરશીપ બિઝનેસ (વેપાર-ધંધો) છે), કે જે એક સખાવત કે ધર્માદા (ચેરિટિ) છે.

અમારો **ઉદ્દેશ** છે :

ઓછા અને મધ્યમ સવેતન રોજગારવાળા કુટુંબ - પરિવારો માટે પરવડી શકે તેવી હાઉસીંગ સેવાઓ, ઉત્પાદન - પેદાશ અને પસંદગીઓનુ નિર્માણ કરી અને વેપાર- વેચાણ કરવુ.

**મૂલ્યો**

અમે માનીએ છીએ:

- જેઓને તેઓના પોતાના રહેઠાણ માટે જોખમ લેવાની ઇચ્છા હોય તેઓને સારી ગુણવતાવાળા રહેઠાણો અને સેવાઓ પૂરી પાડવી
- લોકોને ઇચ્છા હોય તેવા રહેઠાણો બાંધી અથવા ઓફર કરવા અને વાતાવરણ કે પર્યાવરણને ટકાવી અને આકર્ષકતા માટે ફાળો આપે તેવા હોય
- અમે જે લોકોને સેવાઓ આપીએ તેમાં તેઓના રહેઠાણની અને કમ્યૂનિટિની વ્યવસ્થા કરવામાં અને અમે જે સેવાઓ ઓફર કરીએ તેમાં તેઓની પસંદગી પ્રમાણે શકય હોય તેટલી અંતર્ભાવિતતા કે સમાવિષ્ટપણા માટે સમર્થ બનાવવા
- MHP અને તેના રહેવાસીઓ સાથે ભાગીદારીપૂર્વક કાર્ય કરી વધારે સારા રહેઠાણો અને સશકત કમ્યૂનિટિઝ પૂરી પાડીએ
- વેપાર- વાણિજયરીતે સફળતાપૂર્વકના હોવાથી, અમે જે અધિશેષ (સરપ્લસ) પેદા કરીએ તેનું કાર્યક્ષમરીતે ફરીથી મૂડીરોકાણ કરીએ જેથી કરીને કોઇ એક સામાજિક વેપાર- વાણિજય તરીકે અમારા મૂલ્યમાં સતત સુધારો થઇ શકે
- સ્ટાફ, ગ્રાહકો અને સ્ટેઇકહોલ્ડરોમાંથી સર્જનાત્મક ઉકેલ કે નિરાકરણને પ્રોત્સાહન આપી અમારા વેપાર- ધંધામાં સુધારો કરી અને અમે જે કમ્યૂનિટિઝમાં કાર્ય કરીએ છીએ તેમાં તેઓના જીવનની ગુણવતામાં સુધારો કરીએ
- સહિષ્ણુતા કે સહનશકિતવાળી, સાંસ્કૃતિકરીતે વિભિન્ન કમ્યૂનિટિઝ અને રોજગાર- નોકરીના સ્થળોનુ નિર્માણ કરીએ કે જયાં બધીજ પાર્શ્વભૂમિકાના લોકોનો વિકાસ કરી શકાય અને તે માટે પ્રોત્સાહન આપી શકાય
- સંસ્થાની મહત્વની મૂડી- મિલકત તરીકે અમારા સ્ટાફનુ મૂલ્ય કરી અને વિકાસ કરીએ.

**અમે MHP ના સેવાકાર્યને પુષ્ટિ કે સમર્થન આપીએ છીએ :**

- **"વધારે સારા રહેઠાણો અને સશકત કમ્યૂનિટિઝ માટે રહેવાસીઓ સાથે કાર્ય કરીએ છીએ"**

આ વેબસાઇટ અમારા વિષે વધારે માહિતી મેળવવા તમને મદદરૂપ બનવા, અમે જે સેવાઓ અને વસ્તુ- પેદાશ ઓફર કરીએ છીએ તેની સુગમતા સાધવામાં તમને મદદરૂપ બનવા, અને અમને પુનર્નિવેશ (ફીડબેક) આપી, અમારી સાથે સમાવિષ્ટ થવા અને અમે જે રીતે તમને મદદ કરીએ છીએ તેમાં સુધારો કરવામાં અમને મદદરૂપ બનવા ફોકસ ગ્રૂપમાં જોડાઇ અને તેમાં સમાવિષ્ટ થવા તમને પ્રોત્સાહન આપે છે.

જો તમને આ વેબસાઇટમાં મળી રહેલ માહિતીનું ભાષાંતર અથવા અનુરૂપ થયેલ વૃતાંતની (દા.ત. અંધલિપિ- બ્રેઇલ) આવશ્યકતા રહે તો કૃપા કરી applications&enquiries@mht.co.uk મારફતે અમારો સંપર્ક કરો અથવા 020 8920 7777 અથવા 020 8920 7740 ઉપર ફોન કરો.